# અમદાવાદ-ગાંધીનગરના રૂટમાં પણ સર્કલોને સજાવટ કરાશે

## રંગબેરંગી ફૂલો નિખારવા ઉપરાંત રોશની કરાશે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૯

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ને અનુલક્ષી નગરને નવો મેકઓવર કરવામાં આવ્યો છે. શહેર ઉપરાંત એરપોર્ટથી મહાત્મા મંદિર સુધીના રૂટમાં પણ સફાઈ અને બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. અમદાવાદથી ગાંધીનગરના રૂટમાં આવતા સ્થિત સર્કલોને પણ ફૂલોથી સજાવી રોશની કરવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી દેશ વિદેશના પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ ઉપરાંત અન્ય મોટા મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. વિવિધ ચાર દેશના પ્રધાનમંત્રી સહીત સી.ઈ.ઓ. કોન્કલેવમાં પણ વિશ્વની શ્રેષ્ઠ કંપનીઓના એમ.ડી. હાજરી આપવાના છે. આ મહાનુભાવોના આગમનને ધ્યાને લઈ સમગ્ર શહેરને પણ વાઈબ્રન્ટ લૂકથી સજાવી દેવાયું છે. જયારે પીડપીયુ ખાતે યોજાનારી સી.ઈ.ઓ. કોન્કલેવને અનુલક્ષી આ રસ્તા ઉપર પણ સફાઈ, માર્ગ, રીસરફેસીંગ, લાઈટીંગ સહીતની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. જયારે શહેરી વિસ્તારની સાથે અમદાવાદથી ગાંધીનગર રૂટના માર્ગો ઉપર પણ સફાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત રસ્તાને વધુ આકર્ષક બનાવવા જરુરી બ્યુટીફીકેશનના કામો પણ હાથ ધરવામાં આવ્યા છે. અમદાવાદ ગાંધીનગરના રૂટ પર સ્થિત રાજસ્થાન અને કોબા સર્કલને પણ સુશોભન કરવામાં આવી રહ્યું છે. આ સર્કલો પર રંગબેરંગી ફૂલો નિખારવાની સાથે રાત્રિના સમયે રોશની પણ કરવામાં આવશે.

# ગાંધીનગરમાં તસ્કરોનો તરખાટ

## સે-૨૦ની સરકારી પ્રાથમિક શાળાની લેબમાંથી સવા છ લાખનાં ૪૧ નંગ લેપટોપની ચોરી : શાળાના આચાર્ય એ પોલીસ ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૯

વાઈબ્રન્ટ સમિટમાં વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા અને સલામતી માટે તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સ્કીમ બનાવવામાં વ્યસ્ત છે ત્યારે ગાંધીનગર શહેરમાં ઠંડીનું જોર વધતાની સાથે જ તસ્કર ટોળકીઓ સક્રીય થઈ ગઈ છે. થોડા દિવસો પહેલા સે-૨૩-૨૪ અને વાવોલની ૯ દુકાનોના શટર તોડી તસ્કરોએ મચાવેલા તાંડવ બાદ ગઈ કાલે સે-૨માં ચોરીનો પ્રયાસ થવા પામ્યો હતો ત્યારે શનિ-રવિવારની રજામાં સે-૨૦ની સરકારી પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવી રૂ. ૬.૧૫ લાખની કિંમતના ૪૧ લેપટોપ ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાની સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. સે-૨૧ સિનિ. પી.આઈ. બી.એલ. ચાવડા એ આ ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે રહેતા અને સેકટર-૨૦ સરકારી પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા કૈલાશબેન ગામેતીએ સે-૨૧ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ શનિવારે શાળાને તાળુ મારીને નિકળ્યા બાદ સોમવારે સવારે શાળાએ આવ્યા ત્યાં સુધીમાં તેમની શાળાની લેબમાંથી એક સાથે ૪૧ નંગ ઈન્ટેલના લેપટોપની ચોરી થઈ ગઈ હતી. મળતી વિગત મુજબ આ લેપટોપ ઈન્ટેલ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે શાળાને દાન કરવામાં આવેલ છે. રૂ. ૬.૧૫ લાખની કિંમતના ૪૧ લેપટોપની ચોરીથી શહેરમાં ચકચાર મચી જવા પામી છે. જો કે આ લેપટોપની ચોરી શાળા કે લેબના દરવાજાના તાળા તોડીને થઈ નથી. બારીની એક ગ્રીલ તુટેલી છે. જે ગ્રીલ બારીની અંદર છે તેમ છતાં બારી તુટેલી નથી. આ ચોરીમાં જાણભેદુનો હાથ હોવાની શકયતા પ્રબળ બની છે. સે-૨૧ પી.આઈ. એ ઉંડી તપાસ શરુ કરી છે.

# વાઈબ્રન્ટ સમિટમાં મુખ્યમંત્રી આવકાર પ્રવચન આપશે પી.એમ. અંતમાં સંબોધન કરશે

## યુનોના મહામંત્રી બાન કી મુન, અમેરિકાના વિદેશમંત્રી ઉપરાંત મુકેશ અંબાણી સહીતના ઉદ્યોગપતિઓ સંબોધન કરશે

ગાંધીનગર, તા. ૨૯

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ના ઉદઘાટન સમારોહ યુનોના મહામંત્રી બાન કિ મુન, અમેરિકાના વિદેશ મંત્રી તેમજ વિશ્વ બેંકના ચેરમેન જિમ યોંગ કિમ સહીત અન્ય ૮ પાર્ટનર કન્ટ્રીના પ્રતિનિધિઓ સંબોધન કરશે. આ ઉપરાંત અગ્રણી ઉદ્યોગપતિઓ પણ સ્પીચ આપશે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌથી છેલ્લે સંબોધન કરશે. મુખ્યમંત્રી આનંદીબેન પણ વેલકમ સ્પીચ આપશે.

આગામી તા. ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રીથી લઈ પ્રધાનમંત્રી સહીત વિદેશથી આવેલા ૨૫ જેટલા મહાનુભાવો સંબોધન કરશે. યુનોના મહામંત્રી, વિશ્વ બેંકના ચેરમેન, કન્ટ્રી પાર્ટનરના પ્રતિનિધિઓ, અમેરિકાના વિદેશ પ્રધાન સહીતના ૨૦ જેટલા મહાનુભાવો પ્રવચન આપશે. વાઈબ્રન્ટ સમિટના પ્રારંભે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વેલકમ સ્પીચ આપશે. આ ઉપરાંત દેશના ઉદ્યોગપતિઓ મુકેશ અંબાણી, રતન તાતા, અનિલ અંબાણી, સાયરસ મિસ્ત્રી, અદાણી, એસ્સાર અને બિરલા ગૃપના પ્રતિનિધિઓ પણ વાઈબ્રન્ટના પ્રારંભે સંબોધન કરશે. વિવિધ પાર્ટનર કન્ટ્રીના પ્રતિનિધિ તેમજ યુનોના મહામંત્રીને પણ સંબોધન માટે સમયની ફાળવણી કરવામાં આવશે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીને સ્ટેન્ડીંગ ઓવેશન દ્વારા સન્માન આપવામાં આવે તેવી પણ શકયતા છે. સમિટમાં આતંકવાદના મુદ્દે લડત આપવા વિચારો રજૂ થાય તેવી પણ શકયતા છે.

# ગાંધીનગર પધારતા પૂજ્ય મોરારિ બાપુ

## કલ્ચરલ ફોરમના અર્ક વ્યાખ્યાનમાળામાં ૪થીએ જીવનલક્ષી વિષય પર યોજાયેલ વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૯



ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત અર્ક વ્યાખ્યાનમાળામાં 'જીવવું છે જાનદાર - જીવવું છે શાનદાર' વિષય પર ૪થી જાન્યુઆરીને રવિવારે પથિકાશ્રમ પાર્ટી પ્લોટ ખાતે સાંજે ૩-૪૫ કલાકે પૂજ્ય મોરારિ બાપુનું વ્યાખ્યાન રાખેલ છે. સંવેદનશીલ અને સંસ્કારી સમાજ નિર્માણ માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા અર્ક વ્યાખ્યાન માળામાં અગાઉ શ્રી ગુણવંતભાઈ શાહ અને શ્રી શાહબુદીનભાઈ રાઠોડના વ્યાખ્યાનો યોજાયા હતા.

પૂજ્ય મોરારિ બાપુના રસપ્રદ વ્યાખ્યાનમાં નાગરિકોને પધારવા નિમંત્રણ મોકલાવાઈ રહ્યા છે. રસ ધરાવતા નાગરિકોએ ગાંધીનગર સમાચાર કાર્યાલય પરથી નિમંત્રણ કાર્ડ મેળવવા જણાવાયું છે.

# જીઆઈડીસીમાં દબાણો અને સ્વચ્છતા માટે ૩જીએ ખાસ ઝુંબેશ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ ઔદ્યોગિક વસાહતમાં ૩જી જાન્યુઆરીએ સ્વચ્છતા અભિયાન અને દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

જી.આઈ.ડી.સી., કોર્પોરેશન અને જિલ્લા તંત્ર તેમજ ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

જિલ્લા તંત્ર વતી કલેકટરશ્રી રવિશંકરે સ્પષ્ટ કહી દીધું હતું કે, દબાણ ઉભા થતા રોકવા માટે ઉદ્યોગગૃહોની જવાબદારી વસાહતમાં છે. જીઆઈડીસીની વસાહતમાં જે સ્વચ્છતા જળવાવી જોઈએ તે જળવાતી ન હોવાને લઈ પણ તેણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

ઉદ્યોગ એકમોના પ્રતિનિધિઓએ આદિવાડા વિસ્તારના દબાણોને લઈ રજૂઆતો કરી હતી. આ પ્રતિનિધિઓએ આજની આ સંયુક્ત બેઠકમાં તેમના પ્રશ્નોનેલઈ એક પ્રેઝન્ટેશન પણ અધિકારીઓ સમક્ષ રજૂ કર્યું હતું. અધિકારીઓએ ઔદ્યોગિક વસાહતની મુલાકાત પણ લીધી હતી.

પોલીસ તંત્રને સાથે રાખી ૩જીએ સ્વચ્છતા અને દબાણ હટાવવાની સંયુક્ત ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો હતો.

# આનંદીબેને દાંડીકૂટિરની વિશેષતાની મેળવેલી માહિતી

અમદાવાદ, તા. ૨૯

મુખ્યંમત્રી આનંદીબેન પટેલે આજે ગુજરાતમાં પ્રથમવાર યોજાઈ રહેલા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીની પૂર્વતૈયારીઓનું મહાત્માં મંદિર અને દાંડી કુટિરની મુલાકાત લઈ જાતનિરીક્ષણ કર્યું હતું. આનંદીબેન પટેલે આ નિરીક્ષણ મુલાકાત દરમ્યાન સંબંધિત સચિવ-વરિષ્ઠ અધિકારીઓ સાથે તૈયારીઓની સમીક્ષા હાથ ધરી જરૂરી સૂચનો પણ કર્યા હતાં. મુખ્યમંત્રીએ નાણાં-ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલ સાથે મહાત્મા મંદિર અને દાંડીકૂટિરની મુલાકાત લીધી હતી. આ દાંડીકૂટિરનું ઉદ્દ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની આગામી ગુજરાત મુલાકાતવેળા કરવાના છે. મુખ્યમંત્રીએ આ દાંડીકૂટિરની વિશેષતાઓની માહિતી આપતાં સાંસ્કૃતિક પ્રવૃતિઓના સચિવ ભાગ્યેશ જહાંએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના જીવન કાર્યોને ત્રણ ભાગમાં આ દાંડીકૂટિરમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. પ્રથમ ભાગમાં પૂજય બાપુના બાળપણથી યુવાવય સુધીનું જીવન, બીજા ભાગમાં મહાત્મા ગાંધીની ઈંગ્લેન્ડ-આફિકાની મુલાકાત અને બેરિસ્ટર તરીકેના અનુભવો તથા ત્રીજા ભાગમાં

● અનુસંધાન પાન-૭ પર



પ્રદર્શન સંકુલ - સેક્ટર-૧૭ હેલીપેડ ગ્રાઉન્ડ પર નિર્માણ પામી રહેલ પ્રદર્શન સંકુલને આખરી ઓપ અપાઈ રહ્યો છે.... નાની-નાની ખુટતી તમામ વિગતોનું સંકલન કરી પૂર્ણ કરાઈ રહ્યું છે. ભવ્યાતિભવ્ય વાયબ્રન્ટ એક્ઝીબિશન ૭મીથી આરંભાશે... ગાંધીનગરના આંગણે યોજાતા ઐતિહાસિક એક્ઝીબિશનનું ઉદ્દઘાટન વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અને રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે કરાશે. (તસવીર : દિપક જાની)

# ભાજપના ધારાસભ્યોને વાયબ્રન્ટ સમિટ માટે જવાબદારી સોંપાશે

ગાંધીનગર, તા. ૨૯

ભાજપ વિધાયક દળની આવતીકાલે મળનારી બેઠકમાં ધારાસભ્યોને ગામો દત્તક લેવા માટે અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત વાયબ્રન્ટ સમિટ અંગેની જવાબદારીઓ પણ સોંપવામાં આવશે.

**આજે ભાજપ વિધાયક દળની બેઠક**

આવતીકાલે સાંજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ભાજપના ધારાસભ્યોની બેઠક મળનારી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગામના વિકાસ માટે ગામોને દત્તક લેવા માટેની યોજના અમલમાં મુકવામાં આવી છે. જેનો અમલ ગુજરાત સરકારે કરવાનો નિર્ણય કર્યો છે. જેના પગલે ધારાસભ્યોને ગ્રામ્ય વિસ્તારમાં એક ગામ અને શહેરી વિસ્તારના ધારાસભ્યોને એક વોર્ડ દત્તક લેવા માટેનો અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ નિર્ણયના પગલે કેટલાક ધારાસભ્યો દ્વારા ગામો અને વોર્ડો દત્તક લેવામાં આવ્યા છે જે અંગેની વિગતો સાથેનો એક અહેવાલ આવતીકાલની બેઠકમાં રજુ કરવામાં આવશે. તેની સમીક્ષા કરવામાં આવ્યા બાદ જે ધારાસભ્યોએ ગામો દત્તક લીધા નહી હોય તે ધારાસભ્યોને પુનઃ ગામ દત્તક લઈ આ અંગેની જાણ સરકારને કરવા અંગેનો અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ ઉપરાંત આગામી ૧૧મી જાન્યુઆરીથી ૩ દિવસ માટે મહાત્મા મંદિર ખાતે ગ્લોબલ વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ યોજાનાર છે. આ સમિટનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવનાર છે અને આ સમિટમાં ભાગ લેવા વિશ્વભરમાંથી રોકાણકારો અને કેટલાક દેશોના રાજદૂતો ભાગ લેવા આવનાર હોઈ તેમની આગતા સ્વાગતા માટે તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિવિધ કામગીરી માટે ધારાસભ્યની મંત્રીના વડપણ હેઠળ ટીમો બનાવીને દરેક ટીમને જુદી જુદી કામગીરીની જવાબદારી આ બેઠકમાં સોંપવામાં આવનવાર હોવાનું જાણવા મળે છે.

# વાઈબ્રન્ટ એકઝીબીશનનું ૭મીએ ઉદઘાટન

## ૭ જાન્યુઆરીએ સાંજે ૫ કલાકે ઉદઘાટન સમારોહ યોજાશે : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના હસ્તે ઉદ્દઘાટન

ગાંધીનગર, તા. ૨૯

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ અન્વયે હેલીપેડ મેદાન ખાતે યોજાનારા ભવ્ય પ્રદર્શનનું ઉદઘાટન આગામી તા. ૭ જાન્યુઆરી એ કરવામાં આવશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેમજ વિદેશમંત્રીના હસ્તે એકઝીબીશનનું સાંજે ૫ કલાકે ઉદઘાટન કરવામાં આવશે.

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ અન્વયે મહાત્મા મંદિરમાં સમિટના કાર્યક્રમ ઉપરાંત પી.ડી.પી.યુ. ખાતે સી.ઈ.ઓ. કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટને અનુલક્ષી સે-૧૭ સ્થિત હેલીપેડ મેદાન ખાતે ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. હેલીપેડના વિશાળ મેદાનમાં ૧ લાખ સ્કવેર મીટરથી વધુ જગ્યામાં અદ્યતન ડોમ્સ ઉભા કરવામાં આવ્યા છે. આધુનિક ડોમ્સમાં વિવિધ કંપનીઓને સ્ટોલ્સ ફાળવવામાં આવ્યા છે. અંદાજિત વિવિધ ૧૨ જેટલા સેકટર્સને સ્પર્શતી બાબતોને લઈ ભવ્ય એકસ્પો યોજવામાં આવનાર છે. એકઝીબીશનમાં જન ધન યોજના અંગે સ્ટોલ પણ ફાળવવામાં આવશે. એકઝીબીશન સ્થળનું પઝેશન ફીક્કીને સોંપી દેવાયું છે.

દેશ વિદેશના મહાનુભાવો અને ડેલીગેટસ ઉપરાંત લાખો નાગરિકો આ પ્રદર્શન સ્થળની મુલાકાત લેશે. આગામી તા. ૭ જાન્યુઆરીના રોજ સાંજે ૫ કલાકે આ એકઝીબીશનનું ઉદઘાટન કરવામાં આવશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેમજ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના હસ્તે પ્રદર્શનનું ઉદઘાટન કરવામાં આવશે. એકઝીબીશન સ્થળ પર સલામતના દષ્ટિકોણને ધ્યાને લઈ અત્યારથી જ સુરક્ષા પહેરો ગોઠવી દેવાયો છે. સ્થળ ફરતે કમ્પઉન્ડ વોલ અને ફેન્સીંગ પણ કરી દેવાયું છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
FOR HEALTHY CONSTRUCTION
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com